॥ गौमये वसते लक्ष्मीः ॥

# ગૌમાતા માટે આપણે શું શું કરી શકીએ ?

૧ ભારતીય ગાયના, દૂધ, દહીં, ઘીનો જ ઉપયોગ કરીએ
૨ પંચગવ્યથી નિર્મિત દવાઓનો ઉપયોગ કરીએ
૩ ગૌ આધારીત જૈવિક ખેતી અપનાવીએ
૪ ગૌ આધારીત ગ્રામોદ્યોગની સ્થાપના કરીએ
૫ એક પરિવાર થકી એક ગાયનું પાલન-પોષણ કરીએ
૬ ગૌચરની જાળવણી કરીએ અને દબાણ હટાવીએ
૭ ગૌશાળા શરૂ કરવામાં નિમિત્ત બનીએ
૮ ગૌ સારવાર કેન્દ્રો-હોસ્પિટલને મદદરૂપ થઈએ
૯ માંગલિક કાર્યો અને શુભ અવસરો પર ગૌમાતા માટે મંગલનિધિ આપીએ
૧૦ જન્મદિવસ, લગ્ન સંસ્કાર એવં અન્ય પ્રસંગો ઉપર ગૌમાતાનું સ્મરણ કરી દાન કરીએ
૧૧ દિકરીને એક ગાયનું દાન આપીએ
૧૨ ગોપાલકોને આદર અને સન્માન આપીએ
૧૩ ઘરમાં સર્વ દેવમયી ગૌમાતાનું ચિત્ર લગાવીએ
૧૪ દરરોજ ગૌમાતાના દર્શન કરીએ
૧૫ વર્ષમાં એક વખત ગૌશાળાની મુલાકાત લઈએ
૧૬ ગૌ ઉત્સવો જોર-શોરથી ઉજવવાની શરૂઆત કરીએ
૧૭ ગૌસેવા અર્થે પ્રકાશિત થતી - પત્રિકાઓ અને સાહિત્ય જરૂર મંગાવીએ
૧૮ ગૌરક્ષા, ગૌપાલન અને ગૌ સંવર્ધન સહિતના ગૌસેવાના તમામ કાર્યોમાં સહયોગ આપીએ.




**ડૉ. વલ્લભભાઈ કથીરિયા (M.S.)**
અધ્યક્ષ
**ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગુજરાત**
ડૉ.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૭, બીજો માળ, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત,
ફોન : +૯૧ ૦૭૯ ૨૩૨૫૬૩૨૭-૨૮-૨૯, ફેક્સ : +૯૧ ૦૭૯ ૨૩૨૪૩૪૫૯
E-mail : drkathiria@gmail.com / chairman-gauseva@gujarat.gov.in
Website : http:/gauseva.gujarat.gov.in



Printing By : Best Computer Sec_11, 9429515655


चलो गाय की ओर... चलो गाँव की ओर... चलो प्रकृति की ओर...

# ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ-ગુજરાત

## પ્રેરિત

# ભારત અને ગુજરાતના પ્રાણી કલ્યાણ કાયદાઓનું સંકલન

## ગૌ માતાને સમર્પિત

**● પ્રેરણા ●**

ડૉ. વલ્લભભાઈ કથીરિયા
અધ્યક્ષ
ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ-ગુજરાત

**● સંકલન ●**


શ્રી નિમિષ કાપડીયા
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ

શ્રી પંકજ બુચ
પૂર્વ ડેપ્યુટી સેક્રેટરી
ગુજરાત વિધાનસભા

શ્રી પ્રકાશ એચ. પાઠક
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ






॥ यतो गावः ततो कृष्णः । यतो कृष्णः ततो धर्मः । यतो धर्मः ततो जयः ॥



તા. ૦૨-૦૧-૨૦૧૫

## સંદેશ

દયા કરુણા અને અહિંસા આપણા સંસ્કૃત સમાજના ત્રણ આધાર છે. **જીવો અને જીવવા દો** એ રાષ્ટ્રની સંસ્કૃતિની નાભીમાંથી નીકળેલો નાદ છે. પશુ-પ્રાણી કે જીવજંતુ તરફની આપણી ઋજુતા અને કાળજીમાં વણાયેલો કલ્યાણ સંદેશ પ્રાણીઓ તરફ આચરાતી ક્રૂરતા વચ્ચે રુંધાયેલો રહ્યો છે.

રાજ્ય સરકારનું **ગૌસેવા** અને **ગૌચર વિકાસ બોર્ડ** આગામી સમયમાં ભારત અને ગુજરાતના પ્રાણી કલ્યાણ કાયદાઓનું સંકલન એ વિષય પર પુસ્તકનું પ્રકાશન કરી રહ્યું છે જે જાણી આનંદ થયો. પુસ્તક થકી, સૌ પ્રાણીપ્રેમી સંસ્થાઓ, પોલીસ અધિકારીઓ કે પરિવહનતંત્ર માટે મળતું પૂરતું માર્ગદર્શન પ્રાણીઓ તરફથી ક્રૂરતાને કાબૂમાં રાખવા જરૂર સહાયભૂત થશે.

એવી શુભકામના સાથે આ સુંદર પ્રયત્ન માટે અભિનંદન.

(આનંદીબેન પટેલ)

To,
**Shree Vallabhbhai Kathiria,** *Chairman*
*Gau Seva and Gouchar Vikas Board,*
Block No. 6/2, Dr. Jivraj Mehta Bhavan,
Gandhinagar.
Email:info@shantabenvidhyabhavan.org.

**આનંદીબેન પટેલ**
મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય

# અધ્યક્ષશ્રીનો સંદેશ



"ચલો ગાયકી ઓર, ચલો ગાવ કી ઓર, ચલો પ્રકૃતિકી ઓર"ની ભારતીય સંસ્કૃતિની વિભાવનાની સાકાર કરવાના ઉદ્દેશથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ગુજરાતને સ્વર્ણિમગુજરાતની દિશામાં આગેકૂચ કરવાના ઉદ્દેશથી ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડની રચના કરવામાં આવી છે. રાજયના પ્રથમમહિલા મુખ્યમંત્રી માનનીય શ્રીમતિ આનંદીબેન પટેલના કુશળ અને અનુભવી નેતૃત્વ હેઠળ ભૌતિક સુવિધાઓથી સભર,સુખી,સપન્ન, સમૃદ્ધ ગુજરાતને સુશિક્ષિત, સુરક્ષીત,સ્વસ્થ, સ્વાવલંબી,સમરસ અને સંસ્કારી સમાજ વ્યવસ્થા તરફ લઈ જવાના પવિત્ર ઉદ્દેશથી ગુજરાત કલ્યાણ રાજય બનવાની દિશામાં ઝડપભેર આગળ વધી રહ્યું છે.સંસ્કારી સમાજ રચનાના ભાગરૂપે ગૌ આધારીત સમાજ વ્યવસ્થાના નિર્માણ હેતુ ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા સતત કાર્યરત છે.

"ગૌસંવર્ધનમ્ ......રાષ્ટ્ર વર્ધનમ્"ઉક્તિને સાકાર કરવા ગૌરક્ષા, ગૌપાલન, ગૌસંવર્ધન અને ગૌ આધારિત સામાજીક,આર્થિક અને આધ્યાત્મિક ઉત્કર્સ દ્વારા શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણની ભૂમિકા ગુજરાતમાં ગૌસેવાના માધ્યમથી કાર્યાન્વિત થઈ રહી છે.

ભારત ઋષિ,કૃષિ અને ગૌ સંસ્કૃતિનો દેશ છે.ગૌસંસ્કૃતિના રાષ્ટ્રમાં ગૌમહાત્મ્ય અનેકગણું છે. ગાય માનવજીવનનું એક અવિભાજય અંગ છે.ગાય ઘર અને કુટુંબની શોભા છે.ગાય વિશ્વમાતા છે.ગાય સર્વ સુખ પ્રદાન કરનારી છે. જયાં ગાય નો વાસ છે, ત્યા તેત્રીસ કરોડ દેવતાઓનો વાસ છે. ગાય હરતું ફરતું દેવાલય અને ઔષધાલય છે. ગૌવંશ આધારિત કૃષિ શ્રેષ્ઠ છે.ગાય આર્થિક ઉત્કર્ષની અધિષ્ઠાતા છે. ગાય સુખ,સમૃદ્ધિ અને સંપન્નતાની સાથે સુરક્ષા, સ્વચ્છતા, સ્વાવલંબીતા, સમરસતા અને સંસ્કારીતાની પ્રદાતા છે. ગાયમાતા કલ્યાણકારી અને મંગલકારીણી છે.ગાય ધર્મ, અર્થ,કામઅને મોક્ષદાયીની છે,માટે કામધેનુ છે.

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના માધ્યમથી ગુજરાત સરકાર દ્વારા માનનીય મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ યોજનાઓ કાર્યરત છે.ગૌઉપાસના દ્વારા ગૌચેતના અને ગૌસંવેદના જાગૃત કરી , ગૌસંસ્કૃતિના પુનઃસ્થાપના હેતુ વિવિધ પ્રકલ્પો દ્વારા અદ્વિતીય અને બેનમૂન કામગીરી થઈ રહી છે.જેની માહિતી આપ સૌ સમક્ષ પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

કામગીરીનું સતત મોનીટરીંગ અને પ્રવાસ દ્વારા મૂલ્યાકન કરવામાં આવે છે. બોર્ડની સમગ્ર ટીમસરકારી ધોરણે નહીં પણ એક મિશનરી સ્પિરીટથી સતત કાર્યરત છે.આ માટે હું નાના મોટા સર્વે કર્મચારીંઓ અને અધિકારીઓને અભિનંદન પાઠવું છું. અને કાર્યમાં સહભાગી થઈ ઉત્સાહભેર કાર્યરત રહેવા માટે આભાર વ્યકત કરૂ છું. આ ઉપરાંત પૂજય સંતો, મહંતો, ગૌસેવકો, ગૌવૈજ્ઞાનિકો, ગૌપ્રેમીઓ અને ગૌરક્ષકો સર્વેના સૂચનો, સહયોગ અને માર્ગદર્શન મળતા રહ્યા છે. તેમનો પણ આ તકે આભાર વ્યાકત કરું છું.

ગૌચર વિકાસની વિશિષ્ટ કામગીરીના ભાગરૂપે ગૌસેવા આયોગને ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડનો દરજજો આપવામાં આવ્યો છે.તે આપણા સૌ માટે વિશેષ ગૌરવની બાબત છે.

આ પુસ્તિકા ગૌરક્ષકો માટે "રેડી રેકનર" બની રહેશે તેવી સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ સાથે આ પુસ્તક ગૌભક્તો, ગૌરક્ષકો અને પોલીસ વિભાગને અર્પણ કરતાં હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.

પુણ્યતાના આ દૈવી કાર્યમાં આપ સર્વેના સાથ સહકારની અપેક્ષા સહ.....
વંદે ગૌ માતરમ્ ......

આપનો સ્નેહાધીન

ડૉ. વલ્લભભાઈ કથીરિયા
અધ્યક્ષ, ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડ, ગુજરાત